ગાંધીનગર સમાચાર

## સ્વચ્છતાની કામગીરીમાં તપાસ આકસ્મિક રીતે કરવા ૪ અધિકારીઓ નિમાયા

# આજથી વિધાનસભાના અંદાજપત્ર સત્રનો આરંભ

### રાજ્યપાલશ્રીના પ્રવચનમાં વાયબ્રન્ટની સફળતા અને ગ્રામીણ વિસ્તારમાં લોકપ્રિય બનતી 'કેશલેસ' પ્રથાનો ઉલ્લેખ થશે : નાણાંમંત્રી તરીકે નીતિનભાઈ બીજીવાર બજેટ રજુ કરશે : સરકાર નવ સરકારી વિધયેકો આ સત્રમાં રજુ કરશે

ગાંધીનગર, તા. ૧૯

વિધાનસભાનું અંદાજપત્ર સત્ર આજથી શરૂ થઈ રહ્યુ હોવાથી પાટનગરમાં રાજકીય ગતિવિધિઓ તેજ બની છે. અંદાજપત્ર સત્રમાં સરકાર દ્વારા નવ સરકારી વિધેયક રજુ થવાના છે. આ ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા ૨૦૧૭-૧૮નું અંદાજપત્ર પણ મંગળવારે રજુ થનાર છે.



## વિધાનસભાના દ્વારેથી

- પ્રકાશ જહા

આજે વિધાનસભાના સત્રારંભે રાજ્યના રાજ્યપાલશ્રી ઓ.પી. કોહલી ગૃહને સંબોધન કરશે. આ સંબોધનમાં વાયબ્રન્ટ સમીટની સફળતા ઉપરાંત રાજ્યમાં વેરા વસુલીમાં થયેલી વિક્રમી આવક સાથે ગ્રામ્ય વિસ્તારમાં કેશલેસ વ્યવહાર પ્રથાને જે આવકાર મળ્યો છે તેનો ઉલ્લેખ કરાશે તેમ મનાઈ રહ્યું છે.

રાજ્યપાલશ્રીના આ પ્રવચનમાં સરકાર દ્વારા યોજાયેલ મેગા જોબ ફેરની સફળતા તેમજ અન્ય કેટલીક મહત્વની સિદ્ધિઓનો વિશેષ ઉલ્લેખ કરવામાં આવશે. રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સંદર્ભે તેઓ શાંતિપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થયેલ પંચાયતી રાજની ચૂંટણીઓનો ઉલ્લેખ પણ કરશે તેમ જાણવા મળેલ છે.

રાજ્યપાલશ્રીના સંબોધનને તૈયાર કરવા માટે મંત્રીમંડળની પેટા-સમિતિ રચવામાં આવી હતી અને તેણે વિભાગવાર સિદ્ધિઓની વિગતો મેળવી આખુ પ્રવચન તૈયાર કર્યુ હતુ અને રાજ્યમંત્રી મંડળની બેઠકમાં પણ તે રજુ કરી રાજ્યપાલને મોકલી આપવામાં આવ્યુ છે.

બરાબર ૧૨ના ટકોરે રાજ્યપાલશ્રી ઓ.પી. કોહલીજી હાઉસમાં તેમનો મુખ્યમંત્રી અને વિધાનસભાના અધ્યક્ષ દોરી લઈ આવશે.

વિધાનસભાનું આ અંદાજપત્ર સત્ર ચાલુ હશે ત્યારે જ પંચાયતી રાજની બીજા તબક્કાની ૧૫૦૦ જેટલી પંચાયતોની ચૂંટણી અંગેનો કાર્યક્રમ પણ જાહેર થશે તેવી શક્યતાના નિર્દેશ રાજકીય વર્તુળોમાંથી મળી રહ્યા છે.

### બજેટ સત્રમાં કયા મુદ્દા

- નલિયા સામૂહિક દુષ્કર્મકાંડનો મામલો
- નોટબંધીનો મુદ્દો પણ ચમકશે
- ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ
- આંતરિક સુરક્ષા સાથે સંબંધિત મુદ્દો
- આદિવાસી સમુદાયના કલ્યાણનો મુદ્દો
- જુદા જુદા વિધેયકોનો મામલો
- નશાબંધી વિધેયકને લઈને મામલો

**● નાણાંમંત્રી તરીકે નીતિનભાઈ બીજીવાર બજેટ રજુ કરશે**

રાજ્યના નાણાંમંત્રી તરીકે નીતિનભાઈ પટેલ મંગળવારે વિધાનસભા ગૃહમાં બીજીવાર બજેટ રજુ કરશે. અગાઉ હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સરકાર વખતે તેમણે એક વખત બજેટ રજુ કર્યુ હતુ.

**● રાજકીય ઉત્તેજનાઓ વધી**

પાટનગરમાં આજે કોંગ્રેસ દ્વારા વિધાનસભા ઘેરાવના અપાયેલા એલાનને પગલે રાજકીય ઉત્તેજનાઓ વધી જવા પામી છે. જો કે પોલીસે પણ સત્યાગ્રહ છાવણી તેમજ સચિવાલય સંકુલને ફરતે લોખંડી બંદોબસ્ત લગાવી દીધો છે. આજે પોલીસે રિહર્સલ પણ કર્યુ હતુ તેમજ સચિવાલય સંકુલમાં પ્રવેશ નિયંત્રણ માટે અલાયદી વ્યવસ્થા ઉભી કરી છે. વિધાનસભા તરફ જતા માર્ગો પર સઘન ચેકિંગ રાખવામાં આવનાર હોવાનું પણ પોલીસના સૂત્રોએ જણાવ્યુ છે.

**● અને છેલ્લે...**

વિધાનસભાના સત્રારંભે રાજ્યપાલશ્રીના પ્રવચન માટે આભાર પ્રસ્તાવ રજુ કરાશે તેમજ શોકદર્શક ઉલ્લેખોને અંતે ગૃહની કાર્યવાહી મુલ્તવી રહેશે તેવી શક્યતા છે.

## વિધાનસભા સત્રના પ્રથમ દિવસે જ પાટનગર પોલીસ છાવણીમાં...

# કોંગ્રેસ-પોલીસ વચ્ચે ઘર્ષણના એંધાણ..!

### નલિયાકાંડના વિરોધમાં સે. ૬ સત્યાગ્રહ છાવણી ખાતે કોંગ્રેસની મહાસભા : બેટી બચાવો યાત્રા સભા બાદ રેલી સ્વરૂપે વિધાનસભા ઘેરાવ કરશે : રેલીની મંજુરી ન હોવાથી મોટુ ઘર્ષણ થાય તેવી શક્યતા





ગાંધીનગર, તા. ૧૯

એક તરફ ગુજરાત વિધાનસભાનું બજેટ સત્ર કાલથી શરૂ થાય છે તો બીજી તરફ નલિયાકાંડના વિરોધમાં વિપક્ષ દ્વારા બેટી બચાવો યાત્રા ગાંધીનગર લાવીને મહાસભા યોજી વિધાનસભા ઘેરાવ કરવાનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. વિપક્ષના આ કાર્યક્રમને પગલે શહેરને પોલીસ છાવણીમાં ફેરવી દેવામાં આવ્યુ છે. પોલીસે સભાને મંજુરી આપી છે પરંતુ રેલીને મંજુરી આપી નથી. બીજી તરફ કોંગ્રેસ પણ રેલી કરવાના ઈરાદા પર મક્કમ અને અડગ હોવાનું જાણવા મળ્યુ છે તો વિધાનસભા સત્રના પ્રથમ દિવસે જ પાટનગરના સત્યાગ્રહ છાવણી વિસ્તારમાં રેલી મુદ્દે કોંગ્રેસ અને પોલીસ વચ્ચે ઘર્ષણ થાય તેવી શક્યતાઓ પ્રબળ બની છે.

ગુજરાત કોંગ્રેસ દ્વારા નલિયાકાંડના વિરોધમાં બેટી બચાવો યાત્રા નીકાળી છે. આવતીકાલે સોમવારે યાત્રા ગાંધીનગર ખાતે આવશે. સત્યાગ્રહ છાવણી ખાતે કોંગ્રેસ દ્વારા



મહાસભાનું આયોજન કર્યુ છે અને મહાસભા પૂર્ણ થયા બાદ રેલી સ્વરૂપે વિધાનસભા ઘેરાવ કરવાનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. કોંગ્રેસ આગામી વિધાનસભા ચૂંટણીને ધ્યાને લઈ આવતીકાલથી કાર્યક્રમમાં શક્તિ પ્રદર્શન કરે તેવા ઈનપુટ છે. જેને ધ્યાને રાખીને પોલીસે કોંગ્રેસને રેલીની મંજુરી આપી નથી. તો બીજી તરફ રેલી માટે કોંગ્રેસ અડગ છે અને વિધાનસભા ઘેરાવ કરવા જશે તેવા સંકેતો મળતા શહેરમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

કોંગ્રેસના અગાઉના એક કાર્યક્રમમાં વિધાનસભાની પાળીઓ કુદીનો કાર્યકરો વિધાનસભાના ઘેરાવોના કાર્યક્રમને સફળ બનાવવામાં કામીયાબ રહ્યા હતા. આ વખતે આવુ ન થાય અને પોલીસ તથા સરકારનું નાક કપાઈ ન જાય તે માટે વિધાનસભાની દિવાલોને તાર ફેન્સીંગ કરી દેવામાં આવી છે. કોંગ્રેસના આવતીકાલના કાર્યક્રમમાં ધમાલ થાય તેવી શક્યતા છે તેને પગલે શહેરમાં ચાર એસપી, ૧૦ ડીવાયએસપી, ૨૫ પી.આઈ., ૬૦ પીએસઆઈ, ૫૦૦ પોલીસ, ૨૦૦ મહિલા પોલીસ, ૬ કંપની એસઆરપી, ત્રણ વોટર કેનન અને પાંચ ક્વીક રીસ્પોન્સ ટીમ તૈનાત કરવામાં આવી છે. એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવે આજે બંદોબસ્તનું રિહર્સલ પણ કરાવ્યુ હતુ. સભા સંપન્ન થયા બાદ સત્યાગ્રહ છાવણીથી આગળ આગેવાનો કાર્યકરોને જવા દેવામાં નહી આવે તેવું એસ.પી. યાદવે જણાવ્યુ છે.

## દુ:ખદ અવસાન - બેસણું



મારા પિતાશ્રી **અનિલકુમાર ગુણવંતરાય જોષીનું** દુ:ખદ અવસાન તા. ૧૨/૨/૨૦૧૭ના રોજ થયેલ છે. **સદ્દગતનું બેસણું તથા નોમીયું તા. ૨૦/૨/૨૦૧૭ને સોમવારે અમારા નિવાસસ્થાને બપોરે ૩-૦૦ થી ૫-૦૦નું** રાખેલ છે.

નિવાસસ્થાન : બી/૨૦૩, મહાલય એપાર્ટમેન્ટ, સેક્ટર-૨૯, ગાંધીનગર

**પૂર્વાંગ અનિલકુમાર જોષી** (૮૧૪૧૬૨૪૮૫૩)
**શરદકુમાર ચંદ્રશંકર જોષી** (નરોડા)
**પ્રજ્ઞેશ અરૂણકુમાર જોષી** (ગાંધીનગર)
**કમલેશકુમાર બિપીનચંદ્ર જોષી** (નરોડા)

## પ્રશ્નોરા નાગર બેસણું



અમારા પ.પૂ. પિતાશ્રી શ્રી કાન્તિભાઈ સાકરલાલ ભટ્ટનું તા. ૧૯/૦૨/૨૦૧૭ના રોજ દુ:ખદ અવસાન થયું છે. સ્વર્ગસ્થનું બેસણું તા. ૨૦/૦૨/૨૦૧૭ને સોમવારે સાંજે ૪.૩૦ થી ૬.૩૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : પ્લોટ નં. ૧૬૫-૧, આનંદવાટિકા સોસાયટી, સેક્ટર-૨૨, ગાંધીનગર

લિ.
યતીન્દ્ર કા.ભટ્ટ
ભરત કા.ભટ્ટ
જ્યોતિ એસ પાઠક
જાગૃતિ હ. ભટ્ટ
મીના આર.પટેલ
અમૂલખ સાકરલાલ ભટ્ટ
સ્વ.બિન્દુ ભટ્ટ- સ્વ.હર્ષા ભટ્ટ
માધવી ભટ્ટ
શૈલેષ પાઠક
હરિહર ભટ્ટ
રોહિત પટેલ

## બેસણું



અમારા પિતાશ્રી પુરૂષોત્તમદાસ અંબાલાલ ગજ્જર (પી.એ. ગજ્જર) તા. ૧૬-૦૨-૨૦૧૭ના રોજ અક્ષરનિવાસી થયેલ છે. સદ્દગતનું બેસણું તા. ૨૦-૦૨-૨૦૧૭ને સોમવારના રોજ રાખેલ છે.

સમય : સવારે ૯ થી ૧૨
સ્થળ : શ્રી વિશ્વકર્મા મંદિર હોલ, સેક્ટર-૧૨, પથિકાશ્રમની સામે, ગાંધીનગર

લિ.
ગં.સ્વ. મંજુલાબેન પુરૂષોત્તમદાસ ગજ્જર
ભરત પી. ગજ્જર (CA)
કેતન પી. ગજ્જર
યોગેશ પી. ગજ્જર
હિંમતભાઈ અંબાલાલ ગજ્જર
કનુભાઈ કાંતિલાલ સુથાર

પિયરપક્ષનું બેસણું ઉપરોક્ત સમયે અને સ્થળે રાખેલ છે.
લિ. રસીકભાઈ શકરચંદ ગજ્જર (માણસા)
હર્ષદભાઈ વિશ્નુભાઈ ગજ્જર (માણસા)

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અર્ક્ષ
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

## સ્વચ્છતાની કામગીરીમાં તપાસ આકસ્મિક રીતે કરવા ૪ અધિકારીઓ નિમાયા

### સ્વચ્છતા માટે સાધનોની કોઈ તંગી ન હોવા છતાં ગોબાજાળીને લઈ સરકારના અધિકારીઓ પણ નારાજ

ગાંધીનગર, તા. ૧૯

શહેરની આંતરિક વિસ્તારોની સફાઈને લઈ મ્યુનિ. કમિશનરે ગઈકાલે યોજાયેલી બેઠકમાં નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે આંતરિક માર્ગોની સફાઈ માટે ચાર જેટલા અધિકારીઓની નિયુક્તી કરી આકસ્મિક તપાસ કરી તેનો અહેવાલ તેમને આપવાની સૂચના પણ આપી હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે ગેલવેનાઈઝ કચરાપેટીઓ જે ૧૦૦ આવી ચુકી છે તે શહેરના વિવિધ વિસ્તારોમાં મુકાઈ છે તે પણ નિયમિત રીતે ખાલી થાય અને આંતરિક સફાઈ સઘન બને તે માટે તેમણે વિશેષ ભાર મુક્યો હતો.

મળતી વિગતો પ્રમાણે તબક્કાવાર શહેરના તમામ અંતરિયાળ વિસ્તારોની સફાઈ કરવામાં આવશે તેમ જાણવા મળેલ છે. પ્રથમ સેક્ટરોના રીંગ રોડને આવરી લેવામાં આવશે. આ પછી જાહેરમાં આવેલા ખુલ્લા પ્લોટ અને છેલ્લે અંતરિયાળ વિસ્તારોને આવરી લેવામાં આવશે.

શહેરના આંતરિક વિસ્તારોની સફાઈ માટે નવી એજન્સીની નિયુક્તી કરાઈ છે અને તેણે કામગીરીનો ધીમો આરંભ કર્યો હોવાથી કમિશનરે નારાજગી વ્યક્ત કરી હોવાની વાતો બહાર આવી છે.

મનપાની સામાન્ય સભામાં પણ સ્વચ્છતાનો મુદ્દો ચર્ચામાં

● અનુસંધાન પાન-૭ પર

મંડપ
કેટરીગ
લાઈટીગ
ફલાવરીગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN™
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com